## પાલનપુરમાં યુવક યુવતીના પ્રેમ લગ્નના મુદ્દે હોબાળો મચ્યો

પાલનપુર, તા.૪

પાલનપુર ખાતે રહેતા એક યુવકે તાજેતરમાં પરજ્ઞાતિની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જેની જાણ થતાં યુવતીના પરિવારજનો યુવકના ઘરે ધસી ગયા હતા. જ્યાં હોબાળો મચવતાં ઉત્તેજના પ્રસરી ગઈ હતી. અને સમગ્ર મામલો તાલુકા પોલીસ મથકે પહોંચ્યા હતો.

પાલનપુરમાં શનિવારે ચકચારી બનેલી ઘટનાની પ્રાપ્ત થતી વિગતો મુજબ ગઠામણા દરવાજા વિસ્તારમાં રહેતા એક યુવકે તાજેતરમાં પરજ્ઞાતિની યુવતી સાથે પ્રેમલગ્ન કર્યા હતા. આ અંગે લગ્નગ્રંથીથી જોડાયા અંગેની જાહેરાત પણ અખબારોમાં પ્રસિદ્ધ કરાવી હતી. દરમિયાન શનિવારે યુવક અને યુવતી પાલનપુરમાં આવ્યા હોવાથી જાણ થતાં વહેલી સવારે યુવતીના પરિવારજનોના ટોળા સાથે યુવકના ઘરે ધસી આવ્યા હતા. જ્યાં યુવક યુવતીને ઘરની બહાર નીકાળવાની માંગણી સાથે હોબાળો કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્તેજના પ્રસરી ગઈ હતી. જોકે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે પહેલા શહેર પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જો કે બે માસ અગાઉ યુવતી ગુમ થઈ હોવાની ફરિયાદ પાલનપુર તાલુકા પોલીસ મથકે નોંધાઈ હોવાથી સમગ્ર મામલો તાલુકા પોલીસ મથકે પહોંચ્યો હતો.

## ગાંધીનગરની યુવતીએ સાથી યુવકની જાહેરમાં ધોલાઈ કરી

પાલનપુર, તા.૪

પાલનપુર ખાતે શનિવારે મોડી સાંજે એરોમા સર્કલ નજીક આવેલી એક હોટલ પાસે યુવક યુવતી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન કોઈ કારણોસર ઉશ્કેરાયેલી યુવતીએ એકાએક સાથી યુવકની જાહેરમાં જ ધુલાઈ કરતાં તમાશાને તેડું ન હોય તેમ આજુબાજુના લોકોને ટોળું એકત્ર થઈ ગયું હતું અને બંને જણાને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન કોઈએ પોલીસને જાણ કરતાં પશ્ચિમ પોલીસ મથકના કર્મચારી ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જેમણે પ્રાથમિક પુછપરછ કરતાં બંને યુવક-યુવતી ગાંધીનગરના હોવાનું જાણવા મળ્યું હતું. આથી બંનેને પોલીસ મથકે લઈ જઈ વધુ તપાસ હાથ ધરાઈ છે.

# બનાસકાંઠાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ફાર્મ હાઉસોમાં જુગારધામ ધમધમતા હોવાથી ફરીયાદો

## પાલનપુર, ડીસા, ધાનેરા, દાંતા, વડગામ, દાંતીવાડા તરફ ખેલીઓનો ખેંચાવ

પાલનપુર, તા.૪

પાલનપુર સહીત જિલ્લાભરના ગ્રામ્ય વિસ્તારોના ખેતરો, ફાર્મહાઉસોમાં જુગારના ધામ ધમધમતા હોવાથી વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ત્યારે શહેરી વિસ્તારમાં ચાલતાં જુગાર ધામો પર પોલીસ તંત્ર દરોડા પાડી વરલી મટકા અને ગંજીપાના સાથે જુગારીયાઓ પકડાય છે. અખબારો, ટીવી ન્યુઝ ચેનલોમાં આ સમાચારો પ્રસિધ્ધ થાય છે. પરંતુ હજી સુધી જિલ્લામાં પોલીસની એક પણ એજન્સી દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં ફાર્મહાઉસોમાં જુગારનો દરોડો પાડ્યો હોય અને જુગારીયા ઝડપાયા હોય તેવા સમાચારો નથી. ત્યારે જુગારધામો ચલાવનારાઓ અને જુગાર રમવાના શોખીનો માટે જિલ્લાના જુદાજુદા તાલુકાઓના ખેતરો, ફાર્મ હાઉસો સલામત સ્થાન બન્યા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેમાં પાલનપુર, ડીસા, ધાનેરા,દાંતા, વડગામ, દાંતીવાડા સહિત જિલ્લાના મોટાભાગના રૂરલ એરિયા જુગાર રમવા રમાડવા સુરક્ષીત સ્થાન બનતા જુગારના ખેલાડીઓએ હવે આ વિસ્તારોમાં ખેંચાઈ રહ્યા છે.

જુગારમાં વરલી, મટકા, આંક ફરક, ગંજીપાના સહિત ટોકન બોર્ડ અને અન્ય સિસ્ટમથી રૂપિયાથી લઈને લાખ રૂપિયા સુધીની રકમના દાવા રમતા ખેલીઓ જે શોખીનો શ્રીમંત કે મધ્યમવર્ગ અને ઘણીવાર ભદ્ર સમાજના લોકો કોઈવાર મોટી રકમ જીતી જતા કે હારી જતાં હોવાથી હારનારની હાલત કફોડી થઈ જાય છે. લાખો રૂપિયાની રકમનો જુગાર રમવા આવનાર લોકોને તમામ જાતની સુખ સુવિધા પુરી પાડાય છે. જેમાં નાસ્તો, ચા, પાણી, સિગારેટ, બીડી, તમાકુ અને અન્ય મનોરંજક સુવિધાઓ સંચાલકો દ્વારા પુરી પડાય છે અને આ રીતે બિન્દાસ પણે જુગારધામો ધમધમે છે. જુગાર રમનારાઓના પરિવારજનો આ બદીને લીધે ભઆરે આર્થિક પરેશઆની વેઠીને પાયમાલ ગતી તરફ ધકેલાઈ રહ્યા છે. કોઈવાર મોટી રકમ હારી જનાર નાણાં ઉચા વ્યાજે લઈ ફરી રમતા ફરી હારી જતાં હાર્યો જુગારી બમણો રમે તેમ ફરી એજ રફતારમાં લાગી જતા તેનો પરિવાર ભારે પાયમાલ બની જાય છે.

પાલનપુરની અંગ્રેજોના સમયની ક્રિકેટ રમવા અને અન્ય રમતો માટે ઉત્તમ સ્થાન એવી કીંગ જ્યોર્જ ફીફથ કલબમાં પોલીસ જુગાર અંગે દરોડો પાડી મોટી રકમ સાથે જુગાર રમનારાઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરી શકે છે. ત્યારે આ ગ્રામ્ય વિસ્તારો, ફાર્મહાઉસો અને કેટલીક હોટલો, રહેણાંક વિસ્તારોમાં ધમધમતાં જુગારના સ્થાનો પર પણ પોલીસ તંત્ર સક્રિય બની અસંખ્ય નિર્દોષ પરિવારજનોને પાયમાલીમાંથી ઉગારી લે તેમ લોકો અપેક્ષા રાખે છે.




## વિકાસના બણગાં વચ્ચે ધાનેરાવાસીઓ આજે પણ અદ્યતન એસ.ટી. બસ સ્ટેન્ડની સુવિધાથી વંચિત

### બસ સ્ટેશનની અગવડતાઓથી અકળાયેલા ધાનેરા વાસીઓ માંગશે વિકાસના કામોનો હિસાબ



ધાનેરા, તા.૪

ગુજરાત વિધાનસભા ચુંટણી જંગનું બ્યુગલ ફુંકાઈ ચુંક્યું છે. ત્યારે સત્તાધારી ભાજપ દ્વારા વિકાસના બણગાં ફુકવામાં આવી રહ્યા છે. જો કે અદ્યતન એસ.ટી. બસ સ્ટેશનથી વંચિત ધાનેરાવાસીઓને કયાંય વિકાસના ફળ ચાખવા મળ્યા ન હોવાની રાવ ઉઠી છે. સૌને સાથ સૌનો વિકાસના નામે વિકાસ મંત્રને લઈને નીકળેલા ભાજપી ઉમેદવારને આ વખતે ધાનેરાની પ્રજાને હિસાબ આપવાનો વારો આવશે જેમાં ચાર-ચાર વખત ખાત મુહુર્ત થવા છતાં બસ સ્ટેશનનું કામ ચાલુ કરવામાં કયો ગ્રહ નડે છે. તે વેધક પ્રશ્ન ધાનેરાવાસીઓને અકળાવી રહ્યો છે. ધાનેરામાં અદ્યતન બસસ્ટેન્ડને અભાવે મુસાફરોને ભારે અગવડતા ભોગવવી પડે છે.

વર્તમાન બસસ્ટેન્ડમાં રોડ પણ નથી લેડીઝ ટોયલેટની સુવિધા પણ નથી. આટલા મોટા બસ સ્ટેન્ડમાં એક માત્ર સ્ટ્રીટ લાઈટ છે. ગાંડા બાવળના સામ્રાજ્ય વચ્ચે રાત્રી દરમિયાન અપુરતાં અજવાળાના પગલે એકલ-દોકલ મુસાફરોને બસ સ્ટેશનમાંથી ઉતરતા પણ ડર લાગે છે. અહીંયા બસ સ્ટેન્ડમાં બેસી રહેવાની તો વાત દુર રહી પણ રહી પણ રાત્રી રોકાણ કરતાં બસ ડ્રાઈવર- કંડકટર પણ બસ સ્ટેશનથી દુર જઈ રાત્રી રોકાણ કરે છે. વળી દિવસ દરમિયાનતો બસસ્ટેન્ડ ટેક્ષી સ્ટેશનમાં ફેરવાઈ જાય છે. ટેક્ષીચાલતો બિન્દાસ બની બસ સ્ટેન્ડમાં જીપો ઉભી રાખી પેસેન્જર ભરતા હોય છે. આમ ધાનેરા વાસીઓ હજુપ સુધી એસટી બસ સ્ટેન્ડની પાયાની સગવડથી વંચિત છે. ત્યારે વિકાસના બણગાં ફુકતા સત્તાધારી ભાજપ માટે વિધાનસભાની ચુંટણી ટાણે આ પ્રશ્ન શિરદર્દ રૂપ સમસ્યા બને તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

## દિવાળી ટાણે ખેડબ્રહ્મા શહેરમાં બે એ.ટી.એમ. મશીન બંધ થતાં સ્થાનિકો પરેશાન

ખેડબ્રહ્મા, તા.૪

ખેડબ્રહ્મામાં શહેરમાં બસ સ્ટેન્ડ પાસે આવેલ સ્ટેટ બેંકનું એટી.એમ. છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં હોવાથી દિવાળીના ટાણે લોકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તો નાણાં લેવા માટે બેંકના સમયે જ બેંક જઈ લાંબી લાઈનમાં ઉભા રહી પોતાના નાણાં લેવા પડે છે. આથી સ્થાનિકો બેંકની બેદરકારી સામે રોષે ભરાયા છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરમાં આવેલા બસ સ્ટેન્ડની અંદર અને બસ સ્ટેન્ડની ઓફિસની બહાર સ્ટેટ બેંક દ્વારા એ.ટી.એમ. બનાવવામાં આવ્યા છે. પરંતુ આ એટીએમ પૈકી બસ સ્ટેન્ડની અંદરનું એટીએમ છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં છે. તો અન્ય એક એટીએમ પણ બે દિવસથી બંધ છે. ત્યારે અંતરીયાળ વિસ્તારમાં રહેતાં લોકોને પૈસા લેવા માટે આશરે ૫ થી ૭ કિ.મી.ના અંતરે ખાસ જવું પડે છે. જેથી પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. અને સમયસર નાણાં પણ મળતા નથી. દિવાળી જેવો પર્વ આવી રહ્યો છે. ત્યારે ગમે ત્યારે નાણાંની જરૂરીયાત ઉભી થાય તો કયાંથી નાણાં મેળવવા તે માટે પણ સ્થાનિક મુજવણમાં મુકાય છે અને બેંકની આ બેદરકારી સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યા છે અને સત્વરે આ બંને બંધ એટીએમ મશીનને ચાલુ કરાવે તેવી માંગ કરી રહ્યા છે.

## આંત્રોલીમાં દેશી દારૂની ભઠ્ઠીઓ પર પોલીસ ત્રાટકી

### દેશી દારૂ ગાળતા નવ વ્યક્તિઓ દારૂ અને વોશ સાથે ઝડપાયા

પાલનપુર, તા.૪

પાલનપુર તાલુકાના અંત્રોલી ગામે દેશી દારૂ ગાળવાની વિવિધ ભઠ્ઠીઓ ઉપર આજે સવારે ૧૦૬ પોલીસ જવાનોનો કાફલો ત્રાટક્યો હતો. પોલીસની વિવિધ ટીમોએ ૧૭ જેટલા સ્થળો ઉપર ઓચિંતી રેડ કરી નવ ઈસમોને દેશી દારૂ ગાળતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીને લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા સઘન પગલાં ભરાઈ રહ્યાં છે. ત્યારે ચૂંટણી દરમિયાન બનાસકાંઠામાં અસામાજિક પ્રવૃત્તિઓને ડામવા માટે પોલીસતંત્ર સજ્જ બન્યું છે. જેમાં જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવની સુચનાથી આજે સવારે ૧૦૬ પોલીસ કર્મીઓની વિવિધ ટીમો દ્વારા પાલનપુર તાલુકાના આંત્રોલી ગામે ૧૭ જેટલી જગ્યાઓએ ઉપર ઓચિંતી રેડ કરવામાં આવી હતી. જેમાં નવ જેટલી જગ્યાઓ ઉપર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ઝડપાતા પોલીસે દેશી દારૂનું ઉત્પાદન કરતા નવ તત્વોને ઝડપી પાડયા હતા. તેમજ તેમની પાસેથી રૂા. ૪૮૯૦ની કિંમતનો ૧૬૩ લીટર દેશી દારૂ રૂા. ૩૭.૬૦૦નો ૮૮૪૦ લીટર વોશ ૨૫ હજારની કિંમતનું બાઈક વગેરે મળી રૂા. ૬૭.૪૯૦નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધ ધોરણસરની તપાસ હાથ ધરી હતી. આમ આજે વહેલી પરોઢે પોલીસના કાફલાએ આંત્રોલી ગામે ધમધમતી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ઉપર ઓચિંતી રેડ કરી નવ જેટલા વ્યક્તિઓની અટક કરતા દારૂના કારોબાર સાથે કાફલા સંકળાયેલા તત્વોમાં ભારે નાસભાગ મચી જવા પામી હતી.

## તલોદ-ઉજેડીયા ચાર રસ્તા પરથી એસ.એસ.ટી. ટીમે રૂ. ૬ લાખની રોકડ પકડી

### ફટાકડા લેવા જતા વેપારી પાસેથી પૂરાવા ન મળતા તમામ રકમ ટીમે ટ્રેઝરીમાં જમા કરાવી

તલોદ, તા. ૪

તલોદ તાલુકાના તલોદ ઉજેડીયા માર્ગ પર ઉજેડીયા ચાર રસ્તા પરથી સ્ટેટીક સર્વેલન્સની ટીમે ચેકીંગ દરમિયાન એક કારમાંથી રૂ. ૬ લાખની રોકડ રકમ પકડી પાડી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર તલોદ તાલુકાના નાયબ મામલતદાર હર્ષદભાઈ પટેલ તથા તેમની ટીમના હેડ કો. દશરથસિંહ અને રમણભાઈ ઉજેડીયા આજે ઉજેડીયા ચાર રસ્તા નજીક ચૂંટણી પંચના આદેશ મુજબ વાહન ચેકીંગ કરી રહ્યા હતા. દરમિયાન અમદાવાદથી દેવીલાલ નારણભાઈ સાવલી તથા તેમના મિત્રો મોડાસા ફટાકડા લેવા માટે મહેશ્વરી ટ્રેડર્સ તરફ જઈ રહ્યા હતા ત્યારે બપોરના બે વાગ્યાના સમયે સ્ટેટીક સર્વેલન્સની ટીમે આ ઈન્ડીકા કારને અટકાવી હતી અને તેમાં તપાસ કરતા એક થેલીમાં પેક કરેલા રૂ. ૬ લાખ રોકડા મળી આવ્યા હતા. જે અંગેના કોઈપણ પ્રકારના પૂરાવા ટીમને ન મળતા કાર સહિત તમામ વ્યક્તિઓને મામલતદાર કચેરી ખાતે લઈ આવ્યા હતા. બાદલમાં સ્ટેટીક સર્વેલન્સ ટીમના શૈતાનસિંહ ઝાલા દ્વારા રૂ. ૬ લાખની રોકડ રકમને ટ્રેઝરીમાં જમા કરાવી દીધી હતી. આમ, તલોદમાંથી સૌપ્રથમવાર એસ. એસ. ટી. ટીમને સફળતા મળતા લોકો એકઠાં થઈ ગયા હતા.

### અકોદરા ગામે સંયુક્ત જમીનના દસ્તાવેજોમાં

## પાંચ વર્ષ પહેલા ખોટી સહીઓ કરી બનાવટી દસ્તાવેજો વડે લોન લેતા ફરિયાદ

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના આકોદરા ગામના ઈસમે સંયુક્ત જમીનના દસ્તાવેજો સાથે ચેડાં કરી પાંચ વર્ષ પહેલા તે દસ્તાવેજો અસલ તરીકે રજૂ કરી નિકોડા દેના બેંકમાંથી લોન લેતા ગાંભોઈ પોલીસ મથકે શનિવારના રોજ ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ આકોદરા ગામના અને હાલ આણંદ રહેતા અમૃતભાઈ માધાભાઈ પટેલ અને ગામમાં રહેતા સુરેશભાઈ દેવકરણભાઈ પટેલની આકોદરા ગામની સીમમાં સંયુક્ત મિલકતની જમીન સર્વે (બ્લોક) ૨૨૫, ૨૨૭, ૨૨૯, ૫૬૬ આવેલી છે. જેમીનના દસ્તાવેજોમાં સુરેશભાઈ દેવકરણભાઈ પટેલે પાંચ વર્ષ પહેલા વર્ષ ૨૦૦૭માં દસ્તાવેજોમાં અમૃતભાઈ પટેલની ખોટી સહીઓ કરી તે દસ્તાવેજો ખરા તરીકે નિકોડા ગામે આવેલ દેના બેંકની શાખામાં રજૂ કરી પોતે રૂ. ૪ લાખ ૧૦ હજારની લોન લીધેલ હતી.

દરમિયાન અમૃતભાઈ પટેલે કામઅર્થે પોતાની સંયુક્ત જમીનના ઉતારા હિંમતનગર મામલતદાર કચેરી ખાતે કઢાવવા જતા જમીન તારણમાં મૂકેલ છે તેવી ખબર પડી હતી. આ અંગે અમૃતભાઈ પટેલે ગાંભોઈ પોલીસ મથકે શનિવારના રોજ ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. જે. આર. ઝાલા, એ.આઈ.પી.સી. કલમ - ૪૬૫, ૪૬૮, ૪૨૦, ૪૦૬ મુજબ સુરેશભાઈ દેવકરણભાઈ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## વિજયનગર પોલીસ મથકના પોલીસકર્મીનું હાર્ટ એટેકથી મોત

હિંમતનગર, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના વિજયનગરની પોલીસ લાઈનમાં રહેતા અને પોલીસ મથકમાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા પોલીસકર્મીનું હાર્ટ એટેકથી શનિવારની રાત્રીના મોત નીપજતા વિજયનગર પોલીસ મથકે અકસ્માતે મોતનો ગુનો નોંધાયો હતો.

વિજયનગર પોલીસ મથકના પી.એસ.આઈ. એન. એસ. ગોહિલે જણાવેલ કે વિજયનગર પોલીસ મથકમાં છેલ્લા આઠ મહિનાથી પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા અને ભિલોડાના રાયસિંગપુર ગામના વતની ૪૨ વર્ષીય શંકરભાઈ સળુભાઈ અસારી વિજયનગર પોલીસ લાઈનના ક્વાર્ટ્સ બી-૩માં રહેતા હતા. જે શનિવારની રાત્રીના ૧૧.૪૫ વાગ્યાના સમયે બી-૪ ક્વોર્ટ્સના સીડીના પગથીયા પાસે આવવા જવાના રસ્તા ઉપર બેભાન અવસ્થામાં પડ્યા હતા. જેને રાત્રીના સમયે તાત્કાલિક વિજયનગર સી.એચ.સી.માં ૧૦૮થી લઈ ગયેલ. જ્યાં ફરજ પરના ડૉક્ટર એ. એ. બલાતે ૧૨.૧૦ વાગ્યાના સુમારે હાર્ટ એટેકના કારણે મરણ ગયેલાનું જાહેર કર્યું હતું.

## વિજયનગરના યુવાનનું મોત

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ખાતે રહેતા ૩૨ વર્ષીય અશોકકુમાર મણીલાલ કલાલ શનિવારની મોડી સાંજે બેભાન અવસ્થામાં વાહન દ્વારા ઈડરની ખાનગી હોસ્પિટલમાં લાવતા સમયે રસ્તામાં આ યુવાન અશોકભાઈ કલાલનું મોત નિપજેલ તેથી તેને ઈડરની હોસ્પિટલમાં લઈ ગયેલ જ્યાં ડોક્ટર ગજેન્દ્રસિંહ એસ ગઢવીએ ઈડર પોલીસ મથકે જાણ કરતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ખેડબ્રહ્મા સીટ પર ખેડબ્રહ્માના સ્થાનિક ઉમેદવારને ટિકિટ આપવા માંગ

### સ્થાનિક ઉમેદવારને વિજયી બનાવવા સ્થાનિક થનગની રહ્યા છે

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા વિધાનસભાની સીટ પર ભાજપના સ્થાનિક ઉમેદવારોને જીતાડવા ખેડબ્રહ્મા ભાજપ કાર્યકર્તાઓએ એક સૂર 'અબ કી બાર હમારા સ્થાનિક ઉમેદવાર'ના સૂત્ર સાથે એક જોમ અને જુસ્સાથી કોંગ્રેસ સામે ટક્કર ઝીલવા અને સ્પષ્ટ બહુમતીથી વિજયી બનાવવા હાલ થનગની રહ્યા છે તેવો માહોલ જોવા મળ્યો છે.

ઈતિહાસમાં છેલ્લા ઘણા સમયથી વિજયનગર ખેડબ્રહ્માની સીટ પર સ્થાનિક ઉમેદવારોને મોકો મળતો નથી. તો આ જ સીટ પર બહારથી ચૂંટણી લડવા માટે આવેલા ઉમેદવારોને પરાજયનો સામનો કરવો પડ્યો છે. આથી આ વખતે ૧.૩૫ હજાર મત ધરાવતા ખેડબ્રહ્મા તાલુકાના વનવાસી મતદારો પોતાની વચ્ચેનો જ અથવા સ્થાનિક ઉમેદવારને જ ભાજપ ટિકિટ આપે તેવી માગણી કરી રહ્યા છે. અને જો સ્થાનિક ઉમેદવારને ટિકિટ મળશે તો જંગી બહુમતિથી ઉમેદવારેને જીતાડવા પણ હાલ મતદાતાઓ થનગની રહ્યા છે.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન